## <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.–૬–૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૩૦/૨૦૨૪**
**આંક : ૩૭**

**વાદી :–** મેનેજરશ્રી,બેંક ઓફ બરોડા–દેત્રોજ શાખા,
રહે .દેત્રોજ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:–** (૧) રમીલાબા પ્રવિણસિંહ સોલંકી,
(૨) રણધિરસિંહ હે મંતસિંહ સોલંકી,
રહે .દરબારગઢ,મુ.અબાસણા,તા.દેત્રોજ–રામપુરા,
જી.અમદાવાદ

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી– એક્સપાર્ટી**

---

**દાવો : રૂા.૨,૨૮,૯૪૪.૩૭/– ના આંકથી**

---

**દાવા દાખલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૪**
**દાવા નિકાલ ફેસલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૬**

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદીઓ રહે .મુ.પો.અબાસણાતા.દેત્રોજ–રામપુરાનાઓએ સંયુકત રીતે વેપાર ઉધોગના હેતુ તથા વર્કીંગ કે પીટલ પ્રધાનમંત્રી યોજના હે ઠળ/ટર્મ લોન ધિરાણ મેળવવા અરજી કરેલ. જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદી નં.૧ ના વેપાર ઉધોગના હેતુથી વર્કીંગ કે પીટલ પ્રધાનમંત્રી યોજના હેઠળ/ટર્મ લોન ધિરાણ રૂા.૫,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) તા.૧૨–૦૩–૨૦૨૦ ના રોજ મંજુર કરવામાં આવેલ અને તે લોન અંગે પ્રતિવાદી નં.૧ ના જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૨ રહે લ અને લોન અંગ ની

તમામ પ્રક્રિયા કરી આ કામના પ્રતિવાદી નં.૧ ને નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ તેમની અરજી તેમજ તે સાથે હાઇપોથીકેશન એગ્રીમેન્ટ,ડે કલેરેશન કમ અંડર ટેકીંગ,લેટર ઓફ ઇન્સ્ટોલમેન્ટ,ડિમાન્ડ પ્રોમીસરી નોટ વિગેરે દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી/અંગુઠા કરીને વાદી બેંકની તરફે ણમાં કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદી નં.૧ ને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદી નં.૧ નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીએ વ્યાજ ચુકવવાનું રહે શે તેવું પણ પ્રતિવાદી સાથે નકકી થયેલ. આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તેમના માલ સ્ટોક ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદી નં.૧ નું વાદી બેંકની શાખામાં લીધેલ ધિરાણ અંગે ખાતા નં. ૮૫૧૬૦૬૦૦૦૦૦૧૨૧ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૧ સદર ધિરાણ ચુકવવામા તેમજ હપ્તાની રકમ ચુકવવા માં બેદરકાર રહે લ છે અને પ્રતિવાદી નં.૧ ના જામીનદાર તરીકે પ્રતિવાદી નં.૨ પણ મજકુ ર ધિરાણની રકમ ભરપાઇ કરાવવાની જવાબદારી હોવા છંતા પ્રતિવાદી નં.૨ નાએ પણ ધિરાણની રકમ ભરપાઇ કરાવવામાં બેદરકારી રાખેલ છે અને તેઓ વાદી બેંકે આ કામના અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક જાણ કરેલ. વધુમા વાદી બેંકે આગળ જણાવેલ છે કે,વાદીબેંકે અવાર નવાર મૌખિક તેમજલેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતાં પ્રતિવાદીએ રીવાઇવલ લેટર પણ લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્ટુ અલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરે લ ન હોઇ આ કામના પ્રતિવાદીઓ પાસ વાદી બેંકને તા.૩૧-૦૩-૨૦૨૩ ના રોજની સ્થિતિએ રૂા.૨,૨૮,૯૪૪.૩૭/-(અંકે રૂપિયા બે લાખ અઠીયાવીસ હજાર નવસો ચુવાલીસ રૂપિયા અને સાડત્રીસ પૈસા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો

દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે તેમ જણાવી વાદી બેંકએ હાલના દાવાના કામે નીચે મુજબની દાદ માંગેલ છે .

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટ ની હકુ મતમાં વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદી નં.૧ નું રૂા.૫,૦૦,૦૦૦ /-(અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની લીમીટનું તેઓની દાવા અરજીમા જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદી નં.૧ નાઓએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકની તા.૩૧-૦૩-૨૦૨૩ ના રોજની સ્થિતિએ કલોઝર અમાઉન્ટ રૂા.૨,૨૮, ૯૪૪.૩૭/-(અંકે રૂપિયા બે લાખ અઠીયાવીસ હજાર નવસો ચુવાલીસ રૂપિયા અને સાડત્રીસ પૈસા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકને ૧૪ ટકાના ચઢેલ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામું વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે .

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદીઓ પાસેથી ઉપરોકત જણાવ્યા પ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે .

**(ડ)** આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે .

(૨) દાવો દાખલ થતા પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં,સમન્સની ધોરણસર બજવણી થયેલ છે પરંતુ પ્રતિવાદીઓ કે તેઓના માહીતગાર વકીલશ્રી અદાલત રુબરુ હાજર રહેલ નથી કે કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી.જેથી પ્રતિવાદીઓ સામે સદર કામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

## –:આખરી હુકમ:–

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ વાદીને રૂ.૨,૨૮,૯૪૪.૩૭/– (અંકે રૂપિયા બે લાખ અઠીચાવીસ હજાર નવસો ચુવાલીસ રૂપિયા અને સાડત્રીસ પૈસા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદી નં.૧ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદી નં.૧ ની જાતે તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદી નં.૧ એ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદી નં.૧ નાએ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે –માર્ચ,સને–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહે ર કર્યો.

(sd/–)

તારીખ– ૧૮.૦૩.૨૦૨૬

(હર્ષ શાંતીભાઇ રાઠોડ)

સ્થળ–દેત્રોજ

પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ

કોડ નં. જી.જે.૦૧૭૭૪

।

।

।

।

।

।

।

રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૩૦/૨૦૨૪

**o o ખર્ચનો આંકડો o o**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૮૫૫૦/– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૭૮૦/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૭૮૦/– | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૯૩૩૩/– | | | **કુલ** | ૭૮૩/– | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

તૈયાર કરનાર આસીસ્ટન્ટ

તપાસનાર સુપ્રીટેન્ડેન્ટ

પ્રિન્સિપાલ સિવીલ જજ
દેત્રોજ
કોડ નં..જે.૦૧૭૭૪